કાન્તિ ભટ્ટ

# ફૂલ બોલે છે પ્રેમની ભાષા

પારિજાત
સપનાંની મુજ છાબડી છલકે મલકે પારિજાત
દેવનાં જાણે વેણ રૂપાળાં મ્હેકતી મીઠી રાતે !
સ્વપ્ન દેશે ફૂલનાં રાતે તમે આવો
સુંદરતાના લોકથી સુંદર પ્રીત ઉરે છલકાવો
(ઓરે) આવો તો શીદ જાઓ ?

• પ્રજારામ રાવળ

કવિ સુરેશ જોષીએ ગુલાબને આફતાબનો રુઆબ અને મહતાબનું ખ્વાબ કહ્યું છે. અર્થાત્ સૂર્યનો રુઆબ અને ચંદ્રનું સપનું એ બંને મળે ત્યારે ગુલાબ બને છે. એ ગુલાબનાં આજે દરેક ચીજનાં વેપાર કરનારે કેવા હાલ કર્યા છે ? તમને મુંબઇમાં કોઇ ગુલાબના ફૂલના ગુચ્છ આપે છે તેમાં ન કોઇ સૂર્યનો રુઆબ કે નહીં કોઇ મહતાબનું ખ્વાબ હોય છે. સુગંધ વગરના પ્લાસ્ટિકિયા ગુલાબો હોય છે જે ફેંકી દેવામાં જ કામ લાગે છે. મોગરાને એક કવિએ ‘કુદરતે ઘૂંટેલી મોતી’ કહ્યું છે. હરિશ્ચંદ્ર ભટ્ટે જાસૂદના ફૂલની કવિતા લખી છે.

હૈયે હૈયે એની ઉષ્મા જુદી છે
હૈયે હૈયે એની ઉર્મિ જુદી છે
પ્રાણે પ્રાણે ભૂખ એની જુદી છે

જાણે ફૂલમાંથી જ પ્રણયના રેલાં ઊતરે છે. રાજેન્દ્ર શાહ ગલગોટો અને જાઇના ફૂલને જોઇ કહે છે ફૂલને જોઇ બધું જ ભુલાઇ જાય છે. બાલમુકુંદ દવેને મોગરો મ્હોરે ત્યારે તેમને કળીએ કળીએ રાધા રમતી દેખાય છે અને પાંદડે પાંદડે કાનુડો દેખાય છે. ફ્રેંચ કવિ જિન ગીરા દિક્સએ ફૂલને અનંતકાળ સુધી માનવ હૃદયને જકડી શકે તેવી સાંકળ કહી છે. ફૂલમાં સિડક્ટિવ પાવર છે. ફૂલ થકી કોઇને નમ્ર બનાવી શકાય છે. પંજાબની બોર્ડર ઉપર ભારત-પાકિસ્તાનનાં ઊંચા ઊંચા કદના સોલજરો જ્યારે બોર્ડરનાં દરવાજા બંધ કરવા આવે છે ત્યારે રુઆબભરી છાતી કાઢતા કાઢતા અને ‘મારી નાખું, કાપી નાખું’ની મુદ્રામાં આવે છે તેને બદલે એટલું ન કરી શકાય કે બોર્ડરના બગીચામાં ઊગાડેલા કુદરતી સુગંધી ગુલાબનું એક ફૂલ શાંતિથી ભેટ ધરીને પછી બોર્ડરના દરવાજા બંધ કરે આટલી નાની વાત કેમ કોઇને સુઝતી નથી ?

અમદાવાદમાં સરકારી ગેસ્ટહાઉસનાં ઉતારામાં મોટો જબ્બર પણ કોરોધાકોર બગીચો છે. ન ત્યાં મોગરો, ગુલાબ કે ચમેલી છે. નરેન્દ્ર મોદીનાં હિન્દુત્વનાં ગૌરવવાળા સરકારી ગેસ્ટહાઉસના બગીચામાં તુલસીનો એક છોડ પણ નહોતો. તુલસીના તો ગુજરાતમાં જંગલના જંગલ હોવા જોઇએ. સોરઠમાં ફ્લૂ કેમ પેસી શકતો નથી ? સાસણગીરમાં જ હિન્દુસ્તાનનું મોટામાં મોટું તુલસીવન છે. અરે ગુજરાત સરકારને જવા દો મિનિસ્ટરોના બંગલાના બગીચમાં સાચા ગુલાબ કે તુલસીનાં છોડ ન હોય તોય તેને ગોળી મારો પણ કેટલા ભાતરીયોને આંગણે આજે તુલસી છે ? ફ્લૂના વાયરા સામે તુલસીનો છોડ મોટી ઢાલ છે. મોઢે બુકાનો બાંધવાને બદલે તુલસીનાં બેચાર પાંદડા ખિસ્સામાં નાખીને બહાર જાઓ ત્યારે ચાવ્યા કરો તે તમારું રક્ષણ કરે છે.

આ બાબતમાં કર્ણાટકની સરકાર પ્રથમ નંબરે છે કર્ણાટકના મુખ્યપ્રધાનના બંગલે સાચા ગુલાબના છોડ અને તુલસીના છોડ ૧૯૮૯માં ૨૦ વર્ષ પહેલાં જોવા મળેલા. આજે તેની ખબર નથી. પણ જગતભરમાં ગુલાબ સહિત ફૂલોની નિકાસ ૮૦ અબજ ડૉલરની છે તેમાં કર્ણાટકના ફૂલોનો જબ્બર હિસ્સો છે. જગતભરમાં ૧૯૯૨માં રૂ. ૨૭૦૦૦ કરોડનો ફૂલોનો વેપાર હતો તે આજે વધીને રૂ. ૪૦૦૦ અબજનો થઇ ગયો છે પણ ભારતનો હિસ્સો બહુ ઓછો છે. ફૂલોનું મહત્ત્વ અનાદિકાળ સુધી રહેવાનું છે. તુલસીનું ય રહેવાનું છે. કારતક મહિનામાં હિન્દુ સ્ત્રીઓ વિષ્ણુ સાથે તુલસીનાં વિવાહની વિધિ કરે છે. હવે ૨૦૧૦ની દિવાળીમાં હે અમદાવાદીઓ અને હે મુંબઇગરા તમારા ઘરમાં તુલસીનાં કુંડા જરૂર વસાવજો. ફૂલોના ગુચ્છમાં એકાદ તુલસીનું પાન હોય તો સારું. ફૂલ દ્વારા માણસ એક હૃદયથી બીજા હૃદય સુધી પહોંચે છે પણ આજે

તો માત્ર તે એક સુક્કો રિવાજ બની ગયો છે. કૃત્રિમ ગુલાબોના જબરા ગુચ્છા અપાય છે. માત્ર એક કુદરતી સંગંધી ગુલાબ જ આપવું જોઇએ.

ગુજરાતના જગમશહૂર તસવીરકાર અશ્વિન મહેતા હિમાલયની ખીણમાં ફૂલોની તસવીર લેવા ગયેલા ત્યાં ૧૩૦૦૦ ફૂટની ઊંચાઇએ ફૂલોની ખીણ આવેલી છે જાણે ઈશ્વરે તૈયાર કરેલી ફૂલોની જાજમ બીછાવી હોય. અહીં હિમકમલ ફૂલનું મધ ચૂંસવા મધમાખી આવે છે. અશ્વિન મહેતાએ 'હંડ્રેડ હિમાલયન ફલાવર્સ' પુસ્તક લખ્યું છે. દેવિકારાણીના પતિ મહાન રશિયન ચિત્રકાર નિકોલસ રોરિક મારા ઝાંઝમેર ગામે આવ્યા ત્યારે દરિયાઇ ફૂલોની અને વનસ્પતિના છોડની પૃચ્છા વધુ કરતા. સર નિકોલસ રોરિક હિમાલયની ખીણમાં ગયેલા ત્યારે ફૂલોની બિછાત જોઇને જાણે મેસ્મેરાઇઝડ થઇ ગયેલા ત્યાંથી આવીને તેમણે હિમાલયના ફૂલોના ચિત્રો દોરેલા.

જર્મન કવિ ગેટેએ ૧૮મી સદીમાં કહેલું કે 'ફૂલોનું શાસ્ત્ર શીખતાં શીખતાં હું કવિ બન્યો. હું જો બોટનિસ્ટ બન્યો હોત તો હું કવિ બની જ ન શક્યો હોત. મને ફૂલોએ કવિતાનું શાસ્ત્ર શીખવ્યું. 'ફલાવર થેરપી' વિશે ઘણા પુસ્તકો છે. એક જમાનાના બોમ્બે પોર્ટ ટ્રસ્ટના પારસી ઓફિસર ડૉ. હોમી તાવરીયાએ અમને કહેલું કે ફૂલો ભેટ આપવાથી બે હ્રદયને સાંધી શકાય તે માત્ર કવિની ભાષા છે પણ હું તો ફલાવર-થેરપી દ્વારા ફૂલોના અર્કથી રોગો સારા કરું છું. માણસ ચિંતાતુર હોય અને કોઇ ભય સતાવતો હોય કે હિસ્ટિરિયા હોય તો તેને રો રોઝ અર્થાત્ જંગલી ગુલાબનાં અર્કથી સારો કરી શકાય છે ફૂલોના અર્ક શારીરિક કરતાં માનસિક રોગોમાં વધુ અસરકારક છે તેવું ડૉ. હોમી તાવરીયા કહે છે તે કેટલું બધું તર્કસંગત છે ? તમે જો ખૂબ જ ખંતથી અને વહાલથી અને પ્રચુર માત્રાના પ્રેમથી કોઇને ફૂલ આપો તો તેનાં મનને જકડી લો છો. ફ્રેંચ કવિની ભાષામાં સામી વ્યક્તિને સિડક્ટ કરો છે-ભોળવી શકો છે. ફૂલની બાબતમાં આપણે થોડાક બાળક જેવા થઇએ. તમે બાળકને કહો કે બગીચામાંથી ફૂલ તોડવાનું નથી તો પણ તે ચોરીછૂપીથી તોડશે જ. એવું બાળક જગતમાં નહીં હોય જે આ હરકત ન કરે. ડેનમાર્કના માત્ર ૧૦ વર્ષની છોકરીને ફૂલ આપો તો જોઇ વિચારીને આપજો કારણ કે ડેનમાર્કની છોકરી તે હરકતને ગંભીર ગણશે 'ધ લેંગ્વેજ ઑફ ફલાવર્સ' નામના પુસ્તકના લેખકે કહ્યું છે કે ડેનમાર્કની યુવતીને ફૂલ આપ્યું એટલે તમે તેને પ્રેમ કરો છો તેમ તે અચૂક માની લેશે. અંગ્રેજીમાં તો એક વાક્ય પ્રખ્યાત છે-સે ઇટ વીથ ફ્લાવર્સ. ડેનમાર્કમાં તમને પ્રેમની અભિવ્યક્તિ કરવાની હિંમત ન હોય અને બોલી ન શકો તો ફૂલ આપજો. ફૂલ તમારા વતી પ્રેમની ભાષા બોલશે. ડેનમાર્કમાં કહેવાય છે કે ત્રણ વર્ષની છોકરીથી માંડીને ૯૦ વર્ષની વૃદ્ધા ફૂલની રોમેન્ટિક ભાષા સમજે છે. ડેનમાર્ક ગુલાબને રાષ્ટ્રીય ફૂલ ગણ્યું છે. ડેનમાર્કમાં કમળ ભેટ અપાતું નથી. તેને મૃત્યુની કંકોતરી કહે છે. તેથી ઊલટું ફિનલેન્ડમાં મૈત્રી બતાવવા કમળ ભેટ મોકલાય છે. ડચ લોકો ટુલીપના ફૂલની ભેટ મોકલે છે. પરંતુ કોઇ પ્રેમી પીળાં રંગનું ટુલીપ ભેટ મોકલે ત્યારે સમજવું કે પ્રેમ પ્રકરણનો અંતનો સંકેત છે. આપણે માત્ર મિત્રો જ બની રહેશું તેવો સંદેશ પીળું ટુલીપ આપે છે !

આ હિસાબે બેંગ્લોર રોમેન્ટિક શહેર હોવું જોઇએ. ત્યાં એકરોના એકર ગુલાબના બગીચા છે. માત્ર બેંગ્લોરમાં ઈન્ટરનેશનલ ફલાવર ઓક્શન થાય છે. બેંગ્લોરમાં યુનિ.ઑફ એગ્રિકલ્ચરલ સાયન્સીઝ નામની વિદ્યાપીઠમાં ફલાવર કલ્ચરનો ખાસ વિષય છે. ભારતની ફૂલોની નિકાસમાં કર્ણાટકનો હિસ્સો ૭૦ ટકા છે. કર્ણાટકમાં ૧૮૦૦૦ હેક્ટરમાં ફૂલો, શોભાના છોડ અને તુલસી વગેરે ઉગાડાય છે. કારતુરી નેટવર્કસ નામની એક સાવ અજાણી ફલાવરનો વેપાર કરતી બેંગ્લોરની કંપનીએ નેધરલેન્ડ્ઝની 'શેર' નામની ફૂલો પેદા કરતી કંપનીને રૂ.૨૨૦ કરોડમાં ખરીદી છે. નેધરલેન્ડ્ઝ જગતમાં સૌથી વધુ ફૂલોઉગાડે છે. કેન્યાના ખેડૂતો ગુલાબની નિકાસમાં પ્રથમ નંબરે છે. બેંગ્લરોમાં ઈન્ડિયન ઇન્સ્ટિટયૂટ ઑફ હોર્ટિકલ્ચરલ રિસર્ચ, આંધ્રની કૃષિ યુનિ. , પંજાબની કૃષિ યુનિ. તેમ જ મહરાષ્ટ્રમાં કોંકણમાં કૉલેજ ઑફ એગ્રિકલ્ચરલમાં ફૂલોના શાસ્ત્રની ડિગ્રી અપાય છે.

ફૂલોના છોડ વાવીને જાણે આપણને ઈન્સટન્ટ કૉફીની જેમ ઈન્સટન્ટ ફુલ જોઇએ છે. પણ જે ફૂલની રાહ જુએ છે તે જ ફૂલરૂપી સૌદર્ય પામે છે તે રીતે સાચા ફૂલોના છોડ રોપીને તેની રાહ જુઓ બોલિયિયા નામના દેશમાં પૂયા નામનું ફૂલનું વૃક્ષ ૮૦ વર્ષે ફૂલ આપે છે. તમારા હ્રદયરૂપી કુંડામાં પ્રેમરૂપી ગુલાબનો છોડ વાવો ત્યારે પ્રીતિને પાંગરવાનો સમય આપો. પ્રેમમાં ધીરજ રાખે છે તે ફાવે છે. સાચા ગુલાબની સુગંધ માટે રાહ જોવી પડે છે.